પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૩૫ | ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૮, ગુરૂવાર ; મહા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પંજાબ નેશનલ બેંકમાં ૧૧૫૦૦ કરોડનો ફ્રોડ

**પંજાબ નેશનલ બેંકની મુંબઇ શાખામાં હજારો કરોડના ફ્રોડથી બેંકિંગ સેક્ટરમાં ભારે ખળભળાટ : ચોક્કસ પસંદગીના ખાતા ધારકોને જ ગેરકાયદે ફ્રોડ ટ્રાન્ઝિક્શનના પરિણામ સ્વરુપે ફાયદો થઇ રહ્યો હતો : પીએનબીના શેરમાં ૧૦ ટકાનો કડાકો**




મુંબઈ,તા. ૧૪

ભારતમાં જાહેર ક્ષેત્રની બીજી સૌથી મોટી બેંક પંજાબ નેશનલ બેંકની મુંબઈ શાખામાં હજારો કરોડ રૂપિયાના ફ્રોડના કારણે દેશ અને બેકિંગ ક્ષેત્રમાં આજે ખળભળાટ મચી ગયો હતો. પંજાબ નેશનલ બેંકે મુંબઈની એક શાખામાંથી ૧૧૫૦૦ કરોડથી વધુ રકમની ગેરકાયદે લેવડદેવડ અથવા તો ગેરકાયદે ટ્રાન્જેક્શનને પકડી લીધા બાદ લોકોમાં પણ આની આજે દિવસભર ચર્ચા રહી હતી. આ ગેરકાયદે લેવડદેવડથી કેટલાક પસંદગીના ખાતા ધારકોને ફાયદો થઈ રહ્યો હતો. બેંકે મુંબઈ સ્ટોક એકસચેંજને આ માહિતી આજે આપી હતી. આ ગેરકાયદે લેવડદેવડ અને ઉંચાપતની સીધી અસર અન્ય બેંકો પર જોવા મળે તેવી શક્યતા છે. હજારો કરોડનો ફ્રોડ પકડી પાડ્યા બાદ પંજાબ નેશનલ બેંકે આજે શાખાના ડેપ્યુટી મેનેજર સહિત તેના દસ અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા છે. ફ્રોડના સંબંધમાં તપાસ સંસ્થાઓને પણ માહિતી આપી દેવામાં આવી છે. બેંકે કહ્યુ છે કે તે આ બાબતનુ મુલ્યાંકન કરશે કે આ પ્રકારના ટ્રાન્જેક્શનના કારણે તેની કોઈ જવાબદારી બને છે કે કેમ. આજે સમગ્ર મામલો સપાટ પર આવ્યા બાદ કારોબારના અંતે પંજાબ નેશનલ બેંકના શેરમાં ૧૦ ટકાનો ઘટાડો થયો હતો. તમામ જાણકાર લોકો માને છે કે પીએનબી પહેલાથ જ આ પ્રકારના ફ્રોડના મામલે તપાસ કરે છે. ગયા સપ્તાહમાં જ સબીઆઈએ કહ્યુ હતુ

● અનુસંધાન પાન-૭ પર

## પીએનબીના ૧૦ કર્મચારીઓ સસ્પેન્ડ

**કૌભાંડમાં સામેલ લોકોના નામ ગુપ્ત રખાયા : સ્ટોક એક્સચેંજને માહિતી આપવામાં આવી છે : નિરવ મોદી સાથે કોઇ કનેક્શન છે કે કેમ તેને લઇ પણ ચર્ચાઓ**

મુંબઈ, તા. ૧૪

પંજાબ નેશનલ બેંક દેશની બીજી સૌથી મોટી સરકારી બેંક મુંબઈમાં તેની શાખાઓ પૈકીની એક શાખામાં ૧૧૫૦૦ કરોડથી વધુના ફ્રોડને લઈને આજે ચર્ચા જોવા મળી રહી છે. આ સંદર્ભમાં અન્ય બેંકો ઉપર પણ તેની માઠી અસર થઈ શકે છે. પીએનબી દ્વારા ૧૦ અધિકારીઓને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા છે જેમાં બ્રાંચના ડેપ્યુટી મેનેજરનો સમાવેશ થાય છે. પીએનબી દ્વારા કૌભાંડમાં સામેલ રહેલા લોકોના નામ અને વિગતો હજુ સુધી જાહેર કરી નથી. જો કે, બેંક સમક્ષ દાખલ કરવામાં આવેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, ટ્રાન્ઝિક્શનના લીધે ચોક્કસ લોકોને ફાયદો થઈ રહ્યો હતો. સ્ટોક એક્સચેંજ સમક્ષ આપવામાં આવેલી માહિતીમાં પીએનબી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ફ્રોડના સંદર્ભમાં લો એન્ફોર્સમેન્ટ સંસ્થાઓ અને અન્ય તપાસ સંસ્થાઓને પુરતી માહિતી આપી દેવામાં આવી છે. ઈક્વિટી માર્કેટ ઉપર તેની સીધી અસર જોવા મળી રહી છે. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન તેના શેરમાં આઠ ટકાનો અને અંતે ૧૦ ટકાનો ઘટાડો રહ્યો હતો. ફ્રોડના સંદર્ભમાં અસર અંગે માહિતી આપવામાં આવી નથી. સરકારી બેંકો હાલમાં ખુબ જ મુશ્કેલ હાલતમાં છે. એનપીએને લઈને પહેલાથી જ બેંકોની હાલત કફોડી બનેલી છે. અબજોપતિ જ્વેલર નિરવ મોદી ૨૮૨ કરોડની છેતરપિંડી પીએનબી સાથે કરી ચુક્યા છે.

આ બંને કેસો એકબીજા સાથે કનેક્શન ધરાવે છે કે કેમ તેમાં તપાસ ચાલી રહી છે.

## કર્ણાટકમાં જેડીએસ-બસપા સાથે રહેશે

નવીદિલ્હી,તા. ૧૪

કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટે હાલમાં જ ગઠબંધન કરનાર જેડીએસ અને બીએસપીએ હવે સીપીએમ અને સીપીઆઈને પણ પોતાની સાથે લાવવાના પ્રયાસો હાથ ધર્યા છે. બિન ભાજપ, બિન કોંગ્રેસ ગઠબંધન બનાવવાના તમામ પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

# જવાનોની શહાદતને ધર્મ સાથે ન જોડો : સેના

**શહીદો પર રાજકારણ કરનારાઓને સેનાએ જડબાતોડ જવાબ આપ્યો : સેનામાં કોઇના બલિદાનમાં સાંપ્રદાયિક રંગ અપાતો નથી, વધતા આતંકવાદ માટે સોશ્યલ મીડિયા જવાબદાર**

ન્યુ દિલ્હી,તા.૧૪

શહીદો પર રાજકારણ કરનારાઓને સેનાએ બુધવારના રોજ જડબાતોડ જવાબ આપ્યો. સેનાએ સ્પષ્ટતા કરી કે કોઈપણ શહીદનો કોઈ ધર્મ હોતો નથી. ઉલ્લેખનીય છે કે સુંજવાન આર્મી કેમ્પર પર આતંકવાદી હુમલામાં શહીદ જવાનો પર ઈૈૈસ પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. સેનાની ઉત્તર કમાનના કમાન્ડર લેફ્ટિનેંટ જનરલ દેવરાજ અનબુએ ઓવૈસીનું નામ લીધા વગર કહ્યું કે અમે શહીદને સાંપ્રદાયિક રંગ આપતા નથી. તેમણે ટૂંકમાં કહ્યું કે જે લોકો સેનાની કાર્યશૈલી જાણતા નથી તેઓ જ આ પ્રકારના નિવેદન આપે છે.

ઓવૈસીએ એક દિવસ પહેલાં જ કહ્યું હતું કે સુંજવાનમાં સાતમાંથી પાંચ લોકો કાશ્મીરી મુસલમાન હતા, જે મરી ગયા છે. ઓવૈસીએ કહ્યુ કે જે મુસલમાનોને આજે પણ પાકિસ્તાની સમજે છે, તેને આમાંથી શીખ લેવી જોઈએ. આ દરમ્યાન ઓવૈસીએ જમ્મુ-કાશ્મીરમાં સત્તારૂઢ પીડીપી-ભાજપ ગઠબંધન પર પણ નિશાન સાધ્યું હતું. ઓવૈસીએ કહ્યું હતું કે બંને મળીને ડ્રામા કરી રહ્યાં છે અને બેસીને મલાઈ ખાઈ રહ્યાં છે.

બીજીબાજુ સુંજવાન કેમ્પ સહિત તાજેતરના આતંકી હુમલા પર પ્રતિક્રિયા આપતા લેફ્ટિનેંટ

● અનુસંધાન પાન-૭ પર

## વિમાનની જેમ ટ્રેનમાં પણ બ્લેક બોક્સ

રેલવે વિભાગ દ્વારા એરલાઈન્સની જેમ નવી તરકીબ અજમાવવામાં આવી રહી છે, જેમાં ટ્રેનમાં પણ વિમાન જેવાં બ્લેક બોક્સ લગાવવામાં આવશે, જેના કારણે ડ્રાઈવરની વાતચીત અને કાર્યપ્રણાલીના ઓડિયો-વિઝ્યુઅલ રેકોર્ડિંગ દ્વારા દુર્ઘટનનાં કારણોની જાણકારી મેળવી શકાશે.

## ન્યુઝ ટ્રેક

### મણીશંકર વિરૂદ્ધ દિલ્હીમાં ફરીયાદ

ભારતીય જનતા પાર્ટીના નેતા અને સુપ્રિમ કોર્ટના વરિષ્ઠ વકીલ અજય અગ્રવાલે કોંગ્રેસના સસ્પેન્ડેડ નેતા મણીશંકર અય્યર વિરૂદ્ધ પાક. સાથેના સંબંધો બાબતે મણીશંકર અય્યરે કરેલા વિવાદીત નિવેદન બાદ દિલ્હી પોલીસમાં ફરિયાદ દાખલ કરી છે.

### બાટલા હાઉસ એન્કાઉન્ટરના આતંકીની ધરપકડ

દિલ્હી પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. દિલ્હી પોલીસે બાટલા હાઉસ એન્કાઉન્ટરમાં સામેલ ઈન્ડિયન મુજાહીદીનના ફરાર આતંકી અરીઝ ખાનની ધરપકડ કરી છે.

### સ્ટેચ્યુ ઓફ યુનિટીનુ ઉદ્‌ઘાટન સરદાર જયંતિએ

સરદાર સરોવર ખાતે નિર્માણ પામી રહેલ બહુચર્ચિત સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કાર્ય પુર્ણતાના આરે છે. આગામી ૩૧મી ઓક્ટોબરે સ્ટેચ્યૂ ઓફ યુનિટીનુ ઉદ્‌ઘાટન કરાશે.

### મોદી ગ્લોબલ આઈટી ઈવેન્ટ સંબોધશે

દિલ્હી ખાતે યોજાનાર ગ્લોબલ આઈટી ઈવેન્ટને પ્રધાનમંત્રી મોદી સંબોધન કરશે.

### જેમ્સ બોન્ડને કેજરીવાલ સરકારની નોટીસ

અનેક ફિલ્મોમાં જેમ્સ બોન્ડનું પાત્ર ભજવનાર હોલીવુડ અભિનેતા પિયર્સ બ્રોસનનને પાન મસાલાની એડ કરવા બદલ નોટીસ પાઠવવામાં આવી છે. કેજરીવાલ સરકારે આ નોટીસ ફટકારી છે.

# ભારતે ૨૫ વર્ષ બાદ પ્રથમ વાર દ.આફ્રિકામાં વનડે શ્રેણી જીતી

**વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે નવો ઇતિહાસ સર્જ્યો : પોર્ટ એલિઝાબેથમાં રમાયેલી પાંચમી વનડે મેચમાં ભારતીય ટીમે ૭૩ રનો જીત મેળવી**

પોર્ટ એલિઝાબેથ,તા. ૧૪

પોર્ટ એલિઝાબેથ મેદાન ખાતે રમાયેલી છ વનડે મેચોની કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે નવો ઈતિહાસ સર્જ્યો હતો. મંગળવારનો દિવસ ભારતીય ટીમ વન ટીમે સાબિતી આપી હતી કે તે શા માટે નંબર વન છે અને આ સ્થાન પર કેમ પહોંચ છે. જીતમાં



શ્રેણીની પાંચમી વન ડે મેચમાં ભારતે જોરદાર દેખાવ કરીને યજમાન આફ્રિકા પર ૭૩ રને શાનદાર જીત મેળવી હતી. આની સાથે જ ભારતે ૨૫ વર્ષમાં પ્રથમ વખત વનડે શ્રેણી જીતવામાં સફળતા મેળવી હતી. વિરાટ માટે મંગળમય રહ્યો હતો. ભારતીય ખેલાડીઓએ આફ્રિકાને તેની જમીન પર જ હાર આપીને શ્રેણી ૪-૧થી જીતી લીધી હતી. આફ્રિકામાં વનડે શ્રેણી જીતનાર કોહલીની ટીમ પ્રથમ ભારતીય ટીમ બની ગઈ હતી. દુનિયાની નંબર કોહલીની ભૂમિકા મોટી ન હતી. તે ૩૬ રન કરીને આઉટ થયો હતો. જો કે બાકીની મેચોમાં તેની ભૂમિકા નિર્ણાયક રહી હતી. કોહલી દક્ષિણ આફ્રિકામાં વનડે શ્રેણી જીતનાર પ્રથમ ભારતીય કેપ્ટન પણ બની ગયોછે. પોર્ટ એલિઝાબેથ ખાતે રમાયેલી મેચમાં ભારતે પ્રથમ બેટિગ કરતા નિર્ધારિત ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૭૪ રન કર્યા હતા. ભારત તરફથી શાનદાર ફોર્મ હાંસલ કરીને રોહિત શર્માએ ફરી સદી કરી હતી. તે ૧૨૬ બોલમાં ૧૧ ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૧૧૫ રન કરીને આઉટ થયો હતો. જો કે બાકીના ખેલાડીઓ વધારે સારો દેખાવ કરી શક્યા હતા. જવાબમાં આફ્રિકાની ટીમ ૪૨.૨ ઓવરમાં ૨૦૧ રન કરીને આઉટ થઈ ગઈ હતી. ભારતને દક્ષિણ આફ્રિકામાં શ્રેણી જીતવા માટે ખુબ ઈન્તજાર કરવાની ફરજ પડી છે. ભારતે વર્ષ ૧૯૯૨માં આફ્રિકાનો પ્રથમ વખત પ્રવાસ કર્યો હતો.

# અમદાવાદ સિરિયલ બ્લાસ્ટમાં સામેલ આતંકી જુનેદ ઝડપાયો

**દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ દ્વારા પકડી લેવાયો : ૧૫ લાખનું ઇનામ ધરાવનાર જુનેદને પુછપરછ માટે અમદાવાદમાં લાવી શકાય**

નવીદિલ્હી, તા. ૧૪

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને મોટી સફળતા હાથ લાગી છે. ખતરનાક આતંકવાદી આરીશ ખાન ઉર્ફે જુનેદની આજે ધરપકડ કરવામાં આવી હતી. જુનેદ ઉપર ૧૫ લાખ રૂપિયાનું ઈનામ પણ હતું. પોલીસને મુંબઈ બ્લાસ્ટના પાંચ કેસોમાં જુનેદની શોધ હતી. દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલના ડીસીપી પ્રમોદસિંહ કુશવાહે આજે માહિતી આપતા કહ્યું હતું કે, આરીશ ખાન ઉર્ફે જુનેદ ૨૦૦૮માં દિલ્હીમાં થયેલા સિરિયલ બોંબ બ્લાસ્ટ સહિત મુંબઈ બ્લાસ્ટની અનેક ઘટનાઓમાં સીધીરીતે સામેલ હતો. આમા ૧૬૫ લોકોના મોત થયા હતા. કુશવાહે કહ્યું હતું કે, ઝડપાયેલો જુનેદ બોંબ બનાવવામાં નિષ્ણાત છે. તે કુખ્યાત ત્રાસવાદી આતીફ અમીન સાથે જોડાયેલો હતો જે બાટલા હાઉસ એન્કાઉન્ટરમાં ઠાર થયો હતો. ત્યારબાદ પોલીસને ૨૦૦૭માં ઉત્તર પ્રદેશ બ્લાસ્ટ અને ૨૦૦૮માં

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાન ભારત પર ત્રાસવાદી હુમલા જારી રાખી શકે છે : અમેરિકા

**પાકને ગ્લોબલ વોચલિસ્ટમાં સામેલ કરવા તૈયારી**

વોશિંગ્ટન,તા. ૧૪

અમેરિકાના ઈન્ટેલિજન્સ ચીફે કહ્યુ છે કે ભારતમાં હજુ ત્રાસવાદી હુમલા જારી રહી શકે છે. તેમણે ચેતવણી આપતા કહ્યુ છે કે પાકિસ્તાનનો ટેકો ધરાવતા ત્રાસવાદીઓ હુમલા કરીને તંગદીલી વધારી શકે છે. નેશનલ ઈન્ટેલિજન્સના નિર્દેશક ડૈન કોટ્સના નિવેદન એવા સમય પર આવ્યા છે જ્યારે ભારતમાં બે હુમલા કરવામાં આવી ચુક્યા છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વર્ષ ૨૦૧૮ની શરૂઆતમાં ત્રાસવાદીઓને આશ્રય આપનાર અને મદદ કરનાર પાકિસ્તાન ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. ટ્રમ્પે તે વખતે ટ્વિટ કરીને પાકિસ્તાન ઉપર વિશ્વાસઘાત કરવાનો અને આંખમાં ધૂળ નાંખીને પૈસા લઈ જવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે, આતંકવાદીઓને પ્રોત્સાહન આપીને અમેરિકી

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



મારા ધર્મપત્ની **શારદાબેન પોપટલાલ પટેલ** નું તા.૧૩-૦૨-૨૦૧૮ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૧૬-૦૨-૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઉમિયા માતાજી સંસ્થાન, ઉમા ભવન, કલેક્ટર ઓફિસની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર**

**પોપટલાલ વિઠ્ઠલભાઈ પટેલ**
**(પૂર્વ ધારાસભ્ય, ગાંધીનગર)**
**જશુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ**
**ધવલ પોપટલાલ પટેલ (પુત્ર)**

**કાલીદાસ વિઠ્ઠલભાઈ પટેલ**
**(ચેરમેન, ધી ગાંધીનગર અર્બન કો.ઓ.બેંક લિ.)**
**કનુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ**

**તથા સ્વ.મોતીભાઈ બકોરભાઈ પટેલ પરિવાર, વાવોલ**

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
વિનુભાઈ છોટાભાઈ પટેલ - વિષ્ણુભાઈ છોટાભાઈ પટેલ (મુ.ઓળા)

ગાંધીનગર
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬




